આર્થિક રીતે નબળા વર્ગોની અનામત માટેના પ્રમાણપત્રના કેસોમાં અંતિમ અપીલ સત્તાધિકારીની સત્તા, સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિને સોંપવા બાબત

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,

ઠરાવ ક્રમાંક: SJED/MSM/e-file/17/2025/0350/A Section

સચિવાલય ગાંધીનગર.

તા.૧૯/૦૪/૨૨૦૨૫

વંચાણે લીધા:

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૩/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:- EWS/122019/45903/A

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૫/૦૧/૨૦૧૯ નો ઠરાવ ક્રમાંક:- ઈ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ

(3) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૧૯/૧૨/૨૦૦૮ નો ઠરાવ ક્રમાંક:- સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૪) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૬/૦૩/૨૦૧૫ નો ઠરાવ ક્રમાંક:- સશપ/૧૪૦૮/૧૭૫૬/અ

(૪) નિયામકશ્રી,વિકસતિ જાતિ કલ્યાણનો તા.૨૦/૦૧/૨૦૨૫ નો પત્ર ક્રમાંક:- વિજાક/જાપ્રપ/EWS દરખાસ્ત/૨૦૨૪-૨૫/૧૦૬

<u>પ્રસ્તાવના:</u>

રાજ્ય સરકાર દ્વારા આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક: (૧) હેઠળના તા.૨૩/૦૧/૨૦૧૯ ના ઠરાવથી ગુજરાત રાજ્યમાં અનુસૂચિત જાતિઓ(SC), અનુસૂચિત જનજાતિઓ(ST) અને સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો(SEBC) માં આવરી લેવાઈ ન હોય તેવી બિનઅનામત વર્ગની જાતિઓ પૈકીના આર્થિક રીતે નબળા વર્ગો(EWS) માટે ૧૦ ટકા અનામતની નીતિ લાગુ કરવામાં આવેલ છે. આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૨) હેઠળના તા.૨૫/૦૧/૨૦૧૯ના ઠરાવના મુદા નંબર: ૪ માં આર્થિક રીતે નબળા વર્ગોના(Economically Weaker Section) અનામત માટે સક્ષમ અધિકારી પાત્રતા પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કરે અથવા ખોટું પ્રમાણપત્ર અપાયું હોય તેવા કિસ્સામાં અનુસરવાની પ્રક્રિયા અંગે સૂચનાઓ

પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. સદરહુ ઠરાવમાં જિલ્લા કલેક્ટરના નિર્ણય સામે રાજ્ય વિશ્લેષણ સમિતિને અપીલ કરવાની જોગવાઇ કરવામાં આવેલ છે.

૨. આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક:(૩) હેઠળના તા.૧૯/૧૨/૨૦૦૮ના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના જાતિ પ્રમાણપત્રો તથા બિન-ઉન્નત વર્ગના પ્રમાણપત્રોની ચકાસણી માટે રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિની રચના કરવામાં આવેલ છે તેમજ સમિતિના કાર્યો, ફરજો તેમજ સત્તાઓ નક્કી કરવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક: (૪) પરના ઠરાવથી સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ માટેની રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિના માળખામાં ફેરફાર કરવામાં આવેલ છે. આર્થિક રીતે નબળા વર્ગોના(Economically Weaker Section) અનામત માટે સક્ષમ અધિકારી પાત્રતા પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કરે અથવા ખોટું પ્રમાણપત્ર અપાયું હોય તેવા કિસ્સામાં જિલ્લા કલેક્ટરે નિર્ણય કરેલ હોય તો તેવા કિસ્સામાં અંતિમ એપેલેટ(Appellate) સમિતિની રચના કરવા અથવા હયાત સમિતિને આ અંગેની સત્તા સુપ્રત કરવા નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણના વંચાણે લીધા ક્રમાંક: (૫) પરના પત્રથી અત્રે દરખાસ્ત કરવામાં આવેલ. જે બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:-**

સક્ષમ કક્ષાએ થયેલ કાળજીપૂર્વકની વિચારણાના અંતે, આર્થિક રીતે નબળા વર્ગોના(Economically Weaker Section) અનામત માટે સક્ષમ અધિકારી પાત્રતા પ્રમાણપત્ર આપવાનો ઈન્કાર કરે અથવા ખોટું પ્રમાણપત્ર અપાયું હોય તેવા કિસ્સામાં અંતિમ એપેલેટ(Appellate) તરીકેની સત્તા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગો માટેની હાલ કાર્યરત રાજ્ય કક્ષાની વિશ્લેષણ સમિતિને સોંપવાનું આથી ઠરાવવામાં આવે છે.

આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર સરકારશ્રીની તા.૧૧/૦૪/૨૦૨૫ ના રોજ મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જી. પી. પટેલ)
સંયુક્ત સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી (સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રીના અંગત મદદનીશશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

- સભ્ય સચિવશ્રી, ગુજરાત રાજ્ય બિનઅનામત વર્ગોનું આયોગ, એ-૨ વિંગ,બ્લોક નં.૧/૬ માળ, કર્મયોગી ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- નિયામકશ્રી, વિકસતિ જાતિ કલ્યાણ ખાતું, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- તમામ જિલ્લા કલેક્ટરશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ (તાબાના સક્ષમ અધિકારીઓને પરિપત્રિત કરવાની વિનંતી સહ)
- તમામ નાયબ નિયામકશ્રીઓ(વિ.જા.)/ જિલ્લા સમાજ કલ્યાણ અધિકારીશ્રીઓ(વિ.જા.) (નિયામકશ્રી, વિ.જા.ક. મારફત)
- સેકશન અધિકારીશ્રી, કોમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર- આ ઠરાવ ઓનલાઇન પ્રસિધ્ધ કરવા વિનંતીસહ.
- ના.સે.અધિકારીશ્રીની સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૫.